**<u>વડોદરાના બીજા એડી જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,મુ.વડોદરા.</u>**

ક્રિમિનલ કેસ નં.૪૯૭૦૨/૨૦૨૫
આંક–

ફરિયાદીઃ શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપીઃ પુરવસિંહ દીલીપસિંહ બીહોલા

**ગુન્હોઃ–બી.એન.એસ. ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭ મુજબ.**

ફરિયાદપક્ષના કેસની આંક–૧ અન્વયેની હકીકત ધ્યાને લેતાં આરોપી સામે બી.એન.એસ. ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. જે સંબંધેની ઈન્સાફી કાર્યવાહી શરૂ થાય તે પહેલાં આરોપીએ તેમની સામેનો ગુન્હો કબુલ કરતી પુરસીસ આ અદાલતમાં રજુ કરેલ છે. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરતાં તેમાં પણ આરોપીએ તેની સામેના ગુન્હાની કબુલાત કરેલ છે. જેથી આરોપીને સમજાવવામાં આવેલ છે કે, તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલા નથી. તેમ છતાં આરોપી સદર ગુન્હાની કબુલાતને વળગી રહેલ છે. જેથી આરોપી તરફે કરવામાં આવેલ કબુલાત ખરી, કાયદેસરની અને સ્વૈચ્છિક હોવાની ખાતરી થતાં તે મંજુર કરવામાં આવેલ છે અને આરોપીને તેમની સામેના આક્ષેપિત બી.એન.એસ. ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭ મુજબના ગુન્હા તકસીરવાન ઠરાવવામાં આવે છે તેમજ આરોપીની દયાની માંગણીને ધ્યાને લેતાં રહેમ દ્રષ્ટિ રાખી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુકમ ::</u>**

(૧) આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૫ મુજબ બી.એન.એસ. ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટ ની કલમ–૧૭૭ મુજબના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવી રૂ.૬૦૦/– (અંકે રૂપિયા છસ્સો પુરા) ના દંડની શિક્ષા કરવામાં આવે છે. જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો ૧(એક) માસની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે. સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો જો અગાઉ કોઇ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અન્યથા મુદામાલની માલિકીની ખરાઇ કરી તેના મુળ માલિકને સુપરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીના જામીન અપીલ સમય પુરતા ચાલુ રાખવા.

સદર હુકમ આજરોજ લોકઅદાલત/સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૧૨.૦૭.૨૦૨૫
વડોદરા.

**(સૌમ્યા રાય)**
બીજા એડી જયુડી. મેજી.ફ.ક.,વડોદરા.
જજ કોડ – જીજે ૦૧૬૩૦